વિના (કબરોમાંથી) ઉઠાવવામાં આવશે. ત્યાર પછી તેઓને જન્નતમાં એક વૃક્ષ પાસે લઈ જવામાં આવશે, જયાં તેઓ લિબાસ પહેરશે. પછી ન તો તેમના કપડાં જુના થશે ન તો તેમની ઉમરમાં કોઈફરક પડશે.

નોટ : શરીર ઉપર વાળ ન હોવાનો અર્થ એ છે કે ફક્ત મરદો અને ઔરતોના માથાના વાળ હશે. બીજી કોઈ જગ્યાએ વાળ નહીં હોય. માટે કરીને શરીરના વાળ નાપાકીની હાલતમાં અલગ કરવા જોઈએ નહીં. કેમ કે કબરમાંથી ઉઠતી વેળાએ ઈન્સાનના માથાના વાળનો હિસ્સો બતાવી દેવામાં આવશે. જો વાળ નાપાકીની હાલતમાં જુદા કરવામાં આવશે તો તે એ જ હાલતમાં ઈન્સાનના શરીર પર પાછા ફરશે.

નાના-મોટા દરેકની એક જ ઉમર હશે

હદીસ : હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.) ફરમાવે છે કે જનાબ સય્યદે દો આલમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

''મન્ માત મન્ અહ્લિલ્ જન્નતિ મિન્ સગીરી અવ્ કબીરી યર્દૂન બની સલાસીન સુન્નત ફિલ્ જન્નતિ લા યઝીદૂન અલય્હા અબ્દી અવ્ કઝ્લક અહ્લુન્નાર.''

તરજુમો : જન્નતીઓમાંથી નાની કે મોટી ઉમરનો કોઈ ગુજરી જાય છે તો તેમને ૩૦ વરસની ઉમરમાં જન્નતમાં દાખલ કરવામાં આવશે. તેમની ઉમર આનાથી ક્યારેય વધશે નહીં. દોઝખીઓની ઉમર પણ એવી જ હશે.

ફાયદો : આ હદીસમાં પણ કસરને છોડી દેવામાં આવી છે. સંપૂર્ણ ઉમર ૩૩ વરસ હશે, જેમ કે એ હદીસોથી માલુમ પડે છે, જેમાં કસરનો પણ ઉલ્લેખ છે.

તરજુમો : સંખ્યાબંધ ચહેરાઓ તે દિવસે (ઈમાનના કારણે) રોશન (અને આનંદથી) ખુશખુશાલ હશે. એ દિવસે ઘણાં બધા રોનકદાર અને પોતાના નેક કાર્યોને લઈને ખુશ હશે અને બેહિશ્તે બરીંમાં હશે.

લિબાસ અને પોશાક

તરજુમો : બેશક, જે લોકો ઈમાન લાવ્યા અને તેમણે નેક અમલ કર્યા તો અમે તેવાઓનો બદલો નિરર્થક નહી જવા દઈશું. જેમણે સારી રીતે નેક કામ કર્યા (જેથી કરીને) આવા લોકો માટે હંમેશા રહેવા માટે બાગ છે. તેમની (મસાકિન) નીચે નહેરો વહેતી હશે. ત્યાં તેમને સોનાના કંગન પહેરાવવામાં આવશે અને લીલા રંગના બારીક અને મોટા રેશમના કપડાં પહેરવા મળશે અને ત્યાં તેઓ ગાદી–તકિયા લગાવી બેસેલા હશે. કેટલો સુંદર બદલો છે અને જન્નત (બેહિશ્ત) કેવી સુંદર જગ્યા છે.

લિબાસની તૈયારી

હદીસ : હઝરત ઈબ્ને અમ્ર (રદિ.) ફરમાવે છે કે એક શખ્સે અરજ ગુઝારી યા રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! આપ અમોને જન્નતવાળાઓના કપડાં વિશે ફરમાવો. શું તેમને નવી રીતે પેદા કરવામાં આવશે કે પછી તેમને બનાવવામાં આવશે ? આ સાંભળી કેટલાક હાજરજનો હંસી પડયા તો જનાબે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો : "તમો આ નાવાકિફના સંબંધમાં જે જાણનારથી સવાલ કરી રહયો છે કેમ હંસો છો ? પછી આપે ઈરશાદ ફરમાવ્યો. જન્નતનું ફળ લિબાસને જાહેર કરશે. આપે આ વાત બે વાર ઈરશાદ ફરમાવી.